| | | | |
|---|---|---|---|
| રજુ તારીખ | ૦૧/૦૭/૨૦૨૩ | | |
| દાખલ તારીખ | ૦૧/૦૭/૨૦૨૩ | | |
| ફેંસલ તારીખ | ૧૬/૦૪/૨૦૨૬ | | |
| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | ૦૨ | ૦૯ | ૧૫ |

**નામદાર સુપ્રિમ કોર્ટનાં SUO MOTO WRIT (CRL) NO.(S)1/2017 તથા ક્રિમીનલ મેન્યુઅલનાં ચેપ્ટર–VI નાં 179 A અન્વયેનાં નોટીફીકિશન નં.સી–૨૦૦૧–૯૩, તા.૨૦/૫/૨૦૨૨ નાં ઠરાવેલ પ્રફોર્મા મુજબ.**

# <u>FORM-A</u>

## મોરબીના મહે.બીજા એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ (જે.જે.જોષી) સાહેબશ્રીની કોર્ટમાં , મુ.મોરબી (ચુકાદાની તા. ૧૬/૪/૨૦૨૬)

**<u>ક્રિમીનલ કેસ નંબર:–૪૮૩૨/૨૦૨૩</u>**

**આંક–૩૨**

## એફ.આઈ.આર.ની વિગતો/ગુન્હો અને પોલીસ સ્ટેશન ::–

| | |
|---|---|
| પોલીસ સ્ટેશન | – |
| ગુન્હો | નેગોશીયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ- ૧૩૮ મુજબ. |
| તહોમતનામા મુજબ તહોમત | નેગોશીયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ- ૧૩૮ મુજબ. |
| ફરીયાદી | માલાભાઇ માવજીભાઇ ડાભી,<br>ઉ.વ. ૬૩, ધંધો–ખેતી,<br>રહે. જગશીની વાડી, સરદાર પેપરમીલ સામે, મચ્છુ–૨ મેઇન કેનાલ–લીલાપર રોડ, મોરબી,<br>મોબાઇલ નં. ૯૮૨૫૦૩૩૪૦૩ |
| વિ.એ.પી.પી.શ્રી | એમ.વાય.ચાનીયા |
| આરોપી | **ગીરીરાજસીંહ પરબતસીંહ જાડેજા,**<br>ઉ.વ.પુખ્ત, ધંધો–ખેતી,<br>રહે. મોટીવાવડી, તા.જી. મોરબી,<br>મોબાઇલ નં. ૯૦૨૩૪૧૯૫૦૦ |
| આરોપી તરફે વિ.વ. શ્રી | પી.જે.મકાની |

# **FORM–B**

| | |
|---|---|
| ગુન્હો બન્યા તારીખ | ૨૩/૦૬/૨૦૨૩ |
| ફરીયાદની તારીખ | ૧/૭/૨૦૨૩ |
| ચાર્જશીટની તારીખ | ૧/૭/૨૦૨૩ |
| તહોમત ફરમાવ્યાની તારીખ | ૧૩/૨/૨૦૨૫ |
| પુરાવો શરૂ કર્યાની તારીખ | ૧૫/૨/૨૦૨૫ |
| ચુકાદો અનામતમાં રાખ્યા તારીખ | ૧૬/૪/૨૦૨૫ |
| ચુકાદાની તારીખ | ૧૬/૪/૨૦૨૫ |
| સજાના હુકમની તારીખ જો કોઇ હોય તો | ––––––– |

## **આરોપીઓની વિગત :–**

| આરોપી નંબર | આરોપીનું નામ | ધરપકડ ની તારીખ | જામીન મુકત કરવામાં આવેલ હોય તો, તેની વિગત | કયા ગુનાનો આક્ષેપ છે? | નિર્દોષ છોડવામાં આવ્યા કે કસુરવાર? | શું સજા કરી? | ક્રિ.પ્રો. કોડ ની કલમ–૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમ્યાન કેટલો સમય કાચા કામનાં કેદી તરીકે રહેલા છે? |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | **ગીરીરાજસીંહ પરબતસીંહ જાડેજા,** | –– | –– | નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબ | કસુરવાર | આખરી હુકમ મુજબ | –– |

# **FORM–C**

ફરીયાદપક્ષ, બચાવપક્ષ અને કોર્ટનાં સાહેદોનું લીસ્ટ :–

## (એ) ફરીયાદપક્ષ તરફે :–

| સાહેદ નં. | સાહેદનું નામ | પુરાવાનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| ૧ | માલાભાઇ માવજીભાઇ ડાભી | ફરીયાદી | ૦૪ |

## (બી) બચાવપક્ષે સાહેદો જો હોય તો,

| સાહેદ નંબર | સાહેદનું નામ | કયા પ્રકારનો સાહેદ/પુરાવો |
|---|---|---|
| – | – | – |

## (સી) કોર્ટ સાહેદો જો હોય તો,

| સાહેદ નંબર | સાહેદનું નામ | કયા પ્રકારનો સાહેદ /પુરાવો |
|---|---|---|
| – | – | – |

## ફરીયાદપક્ષ તરફે અંકે પડેલા દસ્તાવેજી પુરાવાઓ :–

**:: દસ્તાવેજી પુરાવાઓ ::**

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | અસલ તકરારી ચેક નં. ૧૦૫૧૦૧ તા. ૬/૫/૨૦૨૩ તથા તકરારી ચેક બેંકમાં જમા કરાવ્યા બદલની સ્લીપ તા. ૬/૫/૨૦૨૩ અસલ | ૨૩ |
| ૨ | ચેકરીટર્ન મેમો તા. ૮/૫/૨૦૨૩ અસલ | ૨૪ |
| ૩ | ફરીયાદીએ વકીલશ્રી મારફતે આરોપીને આપેલી નોટીસની સ્થળપ્રત તા. ૩૧/૫/૨૦૨૩ | ૨૫ |
| ૪ | એકનોલેજમેન્ટ અસલ | ૨૬ |
| ૫ | રજીસ્ટર પોસ્ટ એડી. કર્યાની પોસ્ટ ખાતાની પહોંચ તા. ૩૧/૫/૨૦૨૩ અસલ | ૨૭ |
| ૬ | સોદાખાત તથા અવજની પહોંચના લેખની ઝેરોક્ષ નકલ તા. ૧૨/૧૧/૨૦૨૧ | ૨૮ |
| ૭ | ફરીયાદીના આધારકાર્ડની નકલ | ૨૯ |

## બચાવપક્ષ તરફે અંકે પડેલા દસ્તાવેજો :–

| અ.નં. | દસ્તાવેજનું નામ | દસ્તાવેજનું વર્ણન |
|---|---|---|
| – | – | – |

## કોર્ટ તરફે અંકે પડેલા દસ્તાવેજો :–

| અ.નં. | દસ્તાવેજનું નામ | દસ્તાવેજનું વર્ણન |
|---|---|---|
| – | – | – |

## મુદ્દામાલની વિગત :–

| અ.નં. | આર્ટીકલ નંબર | મુદ્દામાલની વિગત |
|---|---|---|
| – | – | – |

**:: ઠ રા વ ::**

(૧) આ કામના ફરીયાદપક્ષની ટુંકમાં હકીકત એવી છે કે, મોરબી તાલુકા ના મોટી વાવડી સીમના ખાતા નંબર ૪૨ સરવે નંબર ૯૨ ના હે.આરે. ચો.મી.૧–૦૯–૨૭ ક્ષેત્રફળ વાળી જમીન અંગે આરોપી ના કહેવા મુજબ આરોપી એ જમીન ના માલીકો (૧) બચીબેન ગોરધનભાઈ પરેશા (૨) કિશોર ગોરધનભાઈ પરેશા (૩) રાજેશભાઈ ગોરધનભાઈ પરેશા, રહે. બધા રાજકોટ વાળા સાથે આરોપી એ મૌખીક સોદો કરેલ છે અને આ જમીન આરોપી વેચાણ કરવા માંગે છે તેમ આરોપીએ ફરીયાદીને જાણ કરેલ અને આ જમીન ના માલીકો ફરીયાદીને વેચાણ દસ્તાવેજ કરી આપશે તેમ જણાવેલ. જેથી ફરીયાદીએ તથા મનજી નારણભાઈ ડાભી રહે. મેધાણીની વાડી, બોરીયા પાટી, કેનાલ રોડ, મોરબી વાળા સંયુકત રીતે જમીન ખરીદ કરવા માંગતા હોવાથી આરોપીએ ફરીયાદી તથા મનજી નારણ ડાભીને રોડ ટચ ની જમીન બતાવેલ અને કહેલ કે આ જમીન વેચવાની છે. ફરીયાદી તથા મનજી નારણ ઉપરોકત–જમીન ખરીદવા સંમત થતા ફરીયાદી સાથે (૧) બચીબેન ગોરધનભાઈ પરેશા (૨)કિશોરભાઈ ગોરધનભાઈ

પરેશા (૩) રાજેશભાઈ ગોરધનભાઈ પરેશા રહે. બધા રાજકોટ વાળા સાથે સોદો કરેલ અને ફરીયાદી તથા મનજી નારણ એ રૂ.૧૮,૫૬,૨૫૦/– અંકે રૂપીયા અઢાર લાખ છપન હજાર બસો ને પચ્ચાસ ચુકવી આપેલ અને આરોપીએ આ રકમ સ્વીકારેલ છે. સોદાખત અને અવેજ ની પહોચમાં સંમતી આપનાર તરીકે આરોપીએ સહી કરેલ છે. ફરીયાદીએ જમીન અંગે ખરાઈ કરતા આરોપીએ જે જમીન રોડ ટચ ની બતાવેલ તે સર્વે નં–૯૨ હે.આરે.ચો.મી.૧–૦૯–૨૭ વાળી જમીન ન હતી. જેથી ફરીયાદી તથા મનજી નારણભાઈ એ આરોપી ને જણાવેલ કે સોદો કરતી વખતે જમીન બતાવેલ તે આ જમીન નથી અને આ જમીન ઓછી કિંમત ની છે.જેથી આરોપીએ (૧) બચીબેન ગોરધનભાઈ પરેશા (૨)કિશોરભાઈ ગોરધનભાઈ પરેશા (૩)રાજેશભાઈ ગોરધન ભાઈ પરેશા સાથે કરેલ સોદો કેન્સલ કરાવી દઉ છુ તેમ કહેતા ફરીયાદીએ (૧) બચીબેન ગોરધનભાઈ પરેશા (૨) કિશોરભાઈ ગોરધનભાઈ પરેશા (૩)રાજેશભાઈ ગોરધનભાઈ પરેશા સાથે સોદો કેન્સલ કરેલ અને આરોપીને ફરીયાદીએ ચુકવેલ રકમ રૂા. ૧૮,૫૬,૨૫૦/– અંકે રૂપીયા અઢારલાખ છપ્પનહજાર બસો પચ્ચાસ રૂપીયા આરોપી ફરીયાદીને પરત આપવા કબુલ થયેલ અને કહેલ કે આ રકમ મને મળેલ છે, જે હુ તમને ચેક થી પાછા આપુ છુ અને આરોપીએ ફરીયાદી ને રૂા. ૧૮,૫૬,૨૫૦/– અંકે રૂપીયા અઢારલાખ છપ્પનહજાર બસો પચ્ચાસ રૂપીયા નો તા.૦૬ /૦૫/૨૦૨૩ ના રોજનો ચેક નંબર "૧૦૫૧૦૧" નો સ્ટેટબેંક ઓફ ઈન્ડીયા બગથળા તા.મોરબી શાખા નો આપેલ.જે ચેક ફરીયાદીએ સૌરાષ્ટ્ર ગ્રમીણ બેંક, મોરબી શાખા માં વટાવવા રજુ કરતા સૌરાષ્ટ્ર ગ્રામીણ બેંક મોરબી શાખા ધ્વારા '55 ACCOUNT BLOCKED SITUATION CO" ના તા.૦૬ /૦૫/૨૦૨૩ ના શેરા સાથે ચેક પાછો ફરેલ છે અને ફરીયાદીને તમની રકમ મળી શકેલ નથી.જેથી આરોપીને મળતા આરોપી એ મૈખીક રીતે ઉડામણીવાળો જવાબ આપેલ છે.આરોપીએ ફરીયાદી

ને રકમ વસુલ આપેલ નથી.અરોપીને ફરીયાદીએ તા.૩૧/૫/ ૨૦૨૩ ના રોજની વકિલ મારફત નોટિસ આપેલ છે. જે આરોપીને તા.૦૮/૦૬/૨૦૨૩ ના રોજ નોટિસ મળી જવા છતા કોઈ લેખીત જવાબ પણ આપેલ નથી. આરોપીને દિવસ- ૧૫ માં નોટિસનો જવાબ આપવા જણાવેલ છતા જવાબ પણ આપેલ નથી કે રકમ પણ આપેલ નથી. જેથી આરોપીએ નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ની કલમ-૧૩૮ મુજબ નો ગુન્હો કરેલ હોઈ આ ફરીયાદ દાખલ કરેલ છે.

(૨) ઉપરોકત ફરીયાદના અનુસંધાને નામદાર કોર્ટે આરોપી સામે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ, ૧૮૮૧ ની કલમ - ૧૩૮ અન્વયે ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ- ૨૦૪ મુજબ સમન્સ ઈસ્યુ કરેલો. જે સમન્સ આરોપીને બજી જતા તેઓ તેમના વિ.વકીલશ્રી મારફત નામદાર કોર્ટમાં હાજર થયેલા અને આ કેસની તમામ નકલો આરોપીને આપ્યા બાદ આરોપીની આંક- ૧૧ થી પ્લી લેવામાં આવતા આરોપીએ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ, ૧૮૮૧ ની કલમ-૧૩૮ મુજબના ગુનાનો ઈન્કાર કરેલો છે. તે બાદ તેજ દિવસે આરોપીનું ક્રિ.પ્રો.કોડની કલમ- ૩૧૩ (૧)(એ) અન્વયે વિશેષ નિવેદન પણ નોંધવામાં આવેલુ છે. જેમાં તેઓએ ફરીયાદપક્ષના પુરાવાનો ઈન્કાર કરેલો છે. તે બાદ કેસ આગળ ચલાવવામાં આવેલ અને સદર કામ ફરીયાદ પક્ષના વધુ પુરાવા ના તબકકે રાખવામાં આવેલો હતો.

(૩) ઉપરોકત કેસનાં અનુસંધાને ફરીયાદપક્ષ દ્વારા ઉપરોકત જણાવ્યા મુજબનો મૌખિક તેમજ દસ્તાવજી પુરાવો રજુ થયેલ છે.

(૪) આ કામે ઉપરોકત પુરાવો રજુ થયા બાદ ફરીયાદપક્ષ તરફે આંક- ૩૦ થી પુરાવો બંધ કરવા માટેની પુરસીસ રજૂ થયેલી છે. ત્યારબાદ કિ.પ્રો.હો.ક.૩૧૩(૧)(બી) અન્વયે આરોપીનુ વિશેષ નિવેદન માટે કેસનું કામ રાખવામાં આવેલ પરંતુ આરોપી વિશેષ નિવેદન આપવા માટે નામ.કોર્ટ સમક્ષ ઉપસ્થિત થયેલા નથી અને નાસતા ભાગતા રહેલા છે. જેથી આરોપીનો વિશેષ નિવેદન

આપવા માટેનો હકક બંધ કરવામાં આવેલો છે. તે બાદ આ કામે આરોપી તર્ફે કોઈ જ પુરાવો રજુ કરવામાં આવેલો નથી.

(૫) આ કામે ફરીયાદ પક્ષ તરફે વિ.વ.શ્રી એમ.વાય.ચાનીયા દ્વારા મૌખિક દલીલો કરવામાં આવેલી છે, જે સાંભળવામાં આવેલી છે. જ્યારે આરોપી તરફે કોઈ જ દલીલ કરવામાં આવેલી ન હોઈ આરોપીનો દલીલનો હકક બંધ કરવામાં આવેલો છે.

(૬) ઉપરોકત પૂરાવો રજૂ થયા બાદ આ કેસનાં નિર્ણય સારુ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે. જે નીચે મુજબ છે. ::–

(૧)શું ફરિયાદી નિશંકપણે પુરવાર કરે છે કે, સદરહુ કામના ફરીયાદી તથા આરોપી તથા અન્ય પક્ષકારો વચ્ચે થયેલ જમીનના સોદાખત તથા અવેજની પહોંચ મુજબ ફરીયાદીએ અવેજ પેટે આપેલ રૂ.૧૮,૫૬,૨૫૦/– સબંધેના બાકી લેણાં પેટે આરોપીએ સ્ટેટ બેંક ઓફ ઇન્ડીયા, બગથળા, તા. મોરબી બાન્ચનો ચેક નં ૧૦૫૧૦૧ વાળો તા.૬/૫/૨૦૨૩ ના રોજનો રૂ.૧૮,૫૬,૨૫૦/–(અંકે રૂપિયા અઢાર લાખ છપ્પન હજાર બસો પચ્ચાસ પુરા) નો ચેક ફરીયાદીને આપેલો અને તે ચેક ફરીયાદીએ તેઓના બેંક ખાતામાં જમા કરાવતા સદરહું ચેક કલીયરીંગ માટે આરોપીના ખાતામાં રજુ થતાં "55–ACCOUNT BLOCKED SITUATION CO'' ના શેરા સાથે ચેક સ્વીકાર્યા વગર પરત ફરેલો અને તે બાદ ફરીયાદીએ આરોપીને રજી.પો.એ.ડી. થી નોટીસ આપેલી અને તે નોટીસ આરોપીને બજી ગયેલ હોવા છતાં ચેકની રકમ ફરીયાદીને ચુકવી નહી આપીને આરોપીએ ધી નેગોશીયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટ, ૧૮૮૧ ની કલમ – ૧૩૮ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દા અંગે રેકર્ડ ઉપર રજુ થયેલા પુરાવાઓના આધારે મારા નિર્ણયો નીચે મુજબ છે.

(1)હકારાત્મક

(૨)આખરી હુકમ મુજબ

## –::મુદ્દાઓના નિર્ણય અંગેના કારણો ::–

(૮) આ કામે મુદ્દાના નિર્ણય અંગેના કારણોની ચર્ચા કરતા પહેલા બંને પક્ષકારો તરફે રજુ કરેલા મૌખિક અને દસ્તાવેજી પુરાવાની તથા દલીલોની ચર્ચા કરવી આવશ્યક છે. જે નીચે મુજબ છે.

## ફરીયાદી તરફે રજુ થયેલો મૌખિક પુરાવો

(૯) આ કામે ફરીયાદપક્ષ તર્ફે આંક–૦૪ થી ફરીયાદી માલાભાઇ માવજીભાઇ ડાભીનાઓએ તેમના પુરાવામાં સરતપાસમાં ફરીયાદ હકીકતનું પુન:વર્ણન કરેલુ છે. જે હકીકત પેરા–૧ માં વર્ણવેલ છે જેથી તેનું અત્રે પુનરાવર્તન કરવામાં આવતુ નથી. વધુમાં, સદરહુ ફરીયાદીએ તેમના પુરાવામાં સરતપાસમાં આંક– ૦૩ ના લીસ્ટ થી રજુ કરેલા દસ્તાવેજી પુરાવા રીફર કરેલા છે અને તે દસ્તાવેજો પૈકીને આ કામે આંક– ૨૩ થી ૨૯ આપવામાં આવેલા છે. તેમની આરોપી તર્ફે ઉલટતપાસ કરવા માટે આરોપીને પુરતી અને વાજબી તક આપવામાં આવેલી છે, તેમ છતાં આરોપી તર્ફે સદરહુ ફરીયાદીની ઉલટ તપાસ કરેલી ન હોઈ ફરીયાદ પક્ષતર્ફેની આંક– ૨૨ ની અરજી તળેના હુકમ મુજબ આરોપીનો ઉલટતપાસ કરવા નો હકક બંધ કરવામાં આવેલો છે.

## આરોપી તર્ફે રજુ થયેલો મૌખિક પુરાવો

(૧૦) આ કામે આરોપી પક્ષ તર્ફે કોઈ જ મૌખિક પુરાવો રજુ થયેલો નથી.

## ફરીયાદી તર્ફે દલીલ

(૧૧) આ કામે ફરીયાદી તર્ફે વિ.વ.શ્રી એમ.વાય.ચાનીયા ધ્વારા મૌખિક દલીલ કરતાં મુખ્યત્વે ફરીયાદ હકીકતનુ પુન:વર્ણન કરેલું છે. વિશેષમાં જણાવેલુ છે કે, આ કામે ફરીયાદીએ આંક–૦૪ થી પુરાવો આપેલો છે. ફરીયાદીએ પુરાવાના સમર્થનમાં પુરાવા દરમ્યાન આંક– ૨૩ થી ૨૯ સુધીના દસ્તાવેજી પુરાવા પણ રજુ કરેલા છે. આ કામે આરોપી તર્ફે ફરીયાદીની કોઈ જ ઉલટતપાસ કરેલી નથી. આરોપી ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ –૧૧૮ અને ૧૩૯ મુજબનુ પ્રિઝમ્પશન રીબર્ટ કરવા માટે કોઈ ખંડનાત્મક પુરાવો રેકર્ડ ઉપર લાવવામાં નિષ્ફળ ગયેલા છે. ધી

નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના ગુનાના કામે આરોપીએ ચેક કાયદેસરના દેવાની ચુકવણી પેટે આપેલો છે એવું અનુમાન ફરીયાદીની તરફેણમાં કરવાનું રહે છે. સદર અનુમાન રીબર્ટ કરવાનો બોજો આરોપી ઉપર રહેલો છે. ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮ અને ૧૩૯ અન્વયે વિરુધ્ધનું પુરવાર ન થાય ત્યાં સુધી દરેક ચેક કાયદેસર ના દેવાની પુરેપુરી કે અંશત: ચુકવણી પેટે લખવામાં આવેલો છે એવું ચેક ધારણ કરનારની યાને કે ફરીયાદીની તરફેણમાં અનુમાન કરવાનું રહે છે.આ કામે પુરાવો જોતાં ફરીયાદી અને આરોપી તેમજ અન્ય પક્ષકારો વચ્ચે જમીન અંગે સોદાખત તથા અવેજની પહોંચ અંગે લેખ થયેલો છે અને તે લેખ અનુસંધાને ફરીયાદીએ આપેલ અવેજની રકમ પેટેની જવાબદારી આરોપીએ લીધેલી છે અને તે પેટે ફરીયાદીએ ચુકવેલ અવેજની રકમ પેટેના બાકી લેણાં પેટે આરોપીએ '' સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા, બગથળા, તા. મોરબી બ્રાન્ચ નો ચેક નં. ૧૦૫૧૦૧ વાળો તા. ૬/૫/ ૨૦૨૩ ના રોજનો રૂા. ૧૮,૫૬,૨૫૦/– ( અંકે રૂપિયા અઢાર લાખ છપ્પન હજાર બસો પચ્ચાસ પુરા) નો ચેક ફરીયાદીને આપેલો અને તે ચેક ફરીયાદીએ તેઓના બેંક ખાતામાં જમા કરાવતા સદરહું ચેક કલીયરીંગ માટે આરોપીના ખાતામાં રજુ થતાં"55–ACCOUNT BLOCKED SITUATION CO'' ના શેરા સાથે ચેક સ્વીકાર્યા વગર પરત ફરેલો અને તે બાદ ફરીયાદી એ આરોપીને રજી.પો.એ.ડી. થી નોટીસ આપેલી અને તે નોટીસ આરોપીને બજી ગયેલ હોવા છતાં ચેકની રકમ ફરીયાદીને ચુકવી આપેલ નથી તે હકીકત નિ:શંકપણે પુરવાર કરેલી છે. એકવાર ફરીયાદીની તરફેણમાં ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ મુજબનુ અનુમાન કરી લીધા બાદ ફરીયાદીએ પોતાના આવક ના સાધનો દર્શાવવાના રહેતા નથી. આમ, તમામ દલીલો, રજુ પુરાવો ધ્યાનમાં રાખી આ કામના આરોપીને

ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ અન્વયે સખત સજા કરવા તથા આરોપીએ આપેલ ચેકની રકમ ફરીયાદીને ચુકવી આપે તથા આરોપીને મોટી દંડની રકમ ચુકવવા તથા યોગ્ય નસીહત આપવા હુકમ કરવા અરજ છે.

**આરોપી તર્ફે દલીલ**

**(૧૨)** આ કામે આરોપી તર્ફે કોઈ જ દલીલ કરવામાં આવેલી ન હોઈ આરોપી તર્ફેનો દલીલનો હકક બંધ કરવામાં આવેલો છે.

**મુદ્દા નંબર–૧**

**(૧૩)** સદરહુ કામે ઉપર મુજબ રજુ થયેલા મૌખિક અને દસ્તાવેજી પુરાવા તથા દલીલો ધ્યાને લેવાની રહે છે. સમગ્ર પુરાવાનો જીણવટ પુર્વકનો અભ્યાસ કરતાં સદરહુ કામે જોતાં આરોપી વિરુધ્ધ નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ના ગુના અંગેની ફરીયાદ છે. પ્રસ્થાપિત સિધ્ધાંત પ્રમાણે ફરીયાદપક્ષે પોતાનો કેસ તમામ વ્યાજબી શંકાથી પર નિ:શંકપણે પુરવાર કરવાનો રહે છે. નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનો ગુનો પરીપુર્ણ થવા માટે કેટલીક હકીકતો ધ્યાનમાં લેવાની રહે છે. એટલે કે, ચેક આપવામાં આવ્યો ત્યારથી છ માસમાં ચેક બેંકમાં જમા કરાવવાનો રહે છે, ત્યારબાદ ચેક પરત કર્યા બાદ ત્રીસ દિવસની સમય મર્યાદામાં નોટીસ આપવાની રહે છે અને નોટીસ આપ્યા બાદ પંદર દિવસમાં આરોપી નાણાં ન ચુકવે તો ત્યારબાદ એક માસમાં ફરીયાદ થઈ શકે છે. ફરીયાદપક્ષ પોતાનો કેસ તમામ વાજબી શંકાથી પર નિ:શંકપણે પુરવાર કરવાનો રહે છે. રજુ થયેલા પુરાવામાંથી કોઈપણ પ્રકારની શંકા ઉપસ્થીત થાય તો તેનો લાભ આરોપીને મળે છે.ચેક કાયદેસરની ફરજ અને જવાબદારી પેટે આપવામાં આવેલ છે કે, કેમ ? કલમ –૧૩૮ મુજબના ગુના પુરીપૂર્ણ થવા માટે કેટલીક હકીકતો ધ્યાનમાં લેવાની રહે છે. એટલે કે, ચેક આપવામાં આવ્યો ત્યારથી છ માસમાં ચેક બેંકમાં જમા કરાવવાનો રહે છે, ત્યારબાદ ચેક પરત ફર્યા બાદ ત્રીસ દિવસની સમય મર્યાદામાં નોટીસ

આપવાની રહે છે અને નોટીસ આપ્યા બાદ પંદર દિવસમાં આરોપી નાણાં ન ચુકવે તો ત્યારબાદ એક માસમાં ફરીયાદ થઈ શકે છે. ફરીયાદપક્ષે પોતાનો કેસ તમામ વાજબી શંકાથી પર નિ:શંકપણે પુરવાર કરવાનો રહે છે. રજુ થયેલા પુરાવામાંથી કોઈપણ પ્રકારની શંકા ઉપસ્થિત થાય તો તેનો લાભ આરોપીને મળવાપાત્ર છે. ચેકમાંની રકમ લીગલી ઈન્ફોર્શેબલ ડેબ્ટ છે કે, કેમ ? ચેકવાળી રકમ ખરેખર આરોપીને આપવામાં આવેલી છે કે, કેમ ? ચેક વાળી રકમ ચુકવવાની આરોપીએ ખરેખર જવાબદારી સ્વીકારેલી છે કે, કેમ ? વિગેરે હકીકત યોગ્ય રીતે ફરીયાદીએ સ્પષ્ટ પુરવાર કરવાની રહે છે. નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ– ૧૧૮ અને ૧૩૯ પ્રિઝમ્પશન માટે છે. પરંતુ સદરહુ પ્રિઝમ્શન રીબર્ટેબલ છે. કલમ–૧૧૮ પ્રમાણે જયાં સુધી વિરુધ્ધ નુ સાબિત ન થાય ત્યાં સુધી તારીખ વિશે, સ્વીકારના સમય વિશે, તબદીલીના સમય વિશે, શેરાઓના ક્રમ વિશે, સ્ટેમ્પ વિશે તથા ધારક વિશે અનુમાન કરવાનુ રહે છે. તે અનુમાનનુ ખંડન કરવાનો બોજો ચેક આપનાર ઉપર રહે છે. તેજ પ્રમાણે કલમ–૧૩૯ મુજબ જયાં સુધી વિપરીત પુરવાર કરવામાં ન આવે ત્યાં સુધી એવુ અનુમાન કરવાનુ રહે છે કે, ચેકના ધારકે ચેક કોઈપણ દેવુ અથવા અન્ય જવાબદારીને પુરેપુરી રીતે અથવા અંશત: ફેડવા માટે મેળવ્યો હતો અને આમ સદરહુ કાયદાકીય જોગવાઈ ધ્યાને લઈને ફરીયાદપક્ષ આરોપી વિરુધ્ધનો કેસ પુરવાર કરી શકે છે કે કેમ ? તે હકીકત નકકી કરવાની રહે છે.

(૧૩.૧) ઉપરોકત હકીકત સાથે એ હકીકત પણ નોંધનીય છે કે, આ કામેના ફરીયાદી ધ્વારા હાલના કામે ફરીયાદ, અસલ દસ્તાવેજો અને તેમનું સરતપાસનું સોગંદનામું ફરીયાદ દાખલ કરતી વખતે રજુ કરવામાં આવેલ અને ગુનાનું સંજ્ઞાન લીધા બાદ આરોપીને સમંશ કાઢવાનો હુકમ કરવામાં આવતા આરોપી હાજર થયા બાદ આરોપીની આંક–૧૫ થી પ્લી રેકર્ડ કરવામાં આવેલ અને ક્રિ.પ્રો. કોડની કલમ–૩૧૩(૧)(એ) અન્વયે આરોપીનુ વિશેશ નિવેદન

નોંધવામાં આવેલ. ત્યારબાદ, ટ્રાયલ દરમ્યાન આરોપી નામ.કોર્ટ સમક્ષ હાજર થયેલા નથી. આરોપી સતત નાસતા ભાગતા રહેલા છે. આમ, આરોપી તર્ફે ફરીયાદીની ઉલટતપાસ ન લેતા તેમજ સદર કામે હાજર ન રહેતા આરોપીનો ફરીયાદીની ઉલટ તપાસનો હકક બંધ કરવામાં આવેલ છે. સદર કામે આરોપીને પુરતી અને વાજબી તક આપવામાં આવેલ હોવા છતાં આરોપીએ તેમનો કોઈ બચાવ રજુ કરેલો નથી અને આરોપી તર્ફે ફરીયાદીની આંક– ૦૪ થી રજુ સરતપાસ સંબંધે ઉલટતપાસ લેવામાં આવેલ નથી કે હાલના કામે ફરીયાદીએ રજુ કરેલ દસ્તાવેજો માહેની હકીકતો ને પડકારેલ નથી કે ફરીયાદીના મૌખીક તથા દસ્તાવેજી પુરાવાનું ખંડન કરેલ નથી.

(૧૩.૨) નામ. સર્વોચ્ચ અદાલતના ૨૦૧૪(૫) એસ.સી.સી.૫૯૦, રીટ પીટીશન(સીવીલ)નં.૧૮/૨૦૧૩ 'ઈન્ડીયન બેંક એશોસીયેશન અને બીજાઓ વિ. યુનીયન ઓફ ઈન્ડીયા અને બીજાઓના પ્રકાશીત ચુકાદામાં ઠરાવેલ છે કે,that uniform procedure to be followed by the court trying the case offence 138 of Negotiable Instrument Act" વધુમાં, સદર ચુકાદામાં નિચે મુજબના ડાયરેકશન આપવામાં આવેલ છે જે જોતાં,

DIRECTIONS:

1) Metropolitan Magistrate/Judicial Magistrate (MM/JM),on the day when the complaint under Section 138 of the Act is presented, shall scrutinize the complaint and, if the complaint is accompanied by the affidavit, and the affidavit and the documents, if any, are found to be in order, take cognizance and direct issuance of summons.

2) MM/JM should adopt a pragmatic and realistic approach while issuing summons. Summons must be properly addressed and sent by post as well as by e-mail address got from the complainant. Court, in appropriate cases, may take the assistance of the police or the nearby Court to serve notice to the accused. For notice of appearance, a short date be fixed. If the summons is received back un-served, immediate follow up action be taken.

3) Court may indicate in the summon that if the accused makes an application for compounding of offences at the first hearing of the case and, if such an application is made, Court may pass appropriate orders at the earliest.

4) Court should direct the accused, when he appears to furnish a bail bond, to ensure his appearance during trial and ask him to take notice under Section 251Cr.P.C. to enable him to enter his plea of defence and fix the case for defence evidence, unless an application is made by the accused under Section 145(2) for re- calling a witness for cross-examination.

5) The Court concerned must ensure that examination-in-chief, cross- examination and re-examination of the complainant must be conducted within three months of assigning the case. The Court has option of accepting affidavits of the witnesses, instead of

examining them in Court Witnesses to the complaint and accused must be available for cross– examination as and when there is direction to this effect by the Court.

ઉપરોકત દિશાનિર્દેશો ધ્યાનમાં લેતા, આરોપી દવારા ફરીયાદીની ઉલટતપાસ કરવા કોઈ પ્રયત્ન કરવામાં આવેલ ન હોય કે તેમનો કોઈ બચાવ રજુ કરેલ ન હોય ત્યારે અદાલત ચુકાદો જાહેર કરવા અંગેની કાર્યવાહી કરી શકે છે. સદર કામે આરોપીને પુરતી અને વાજબી તક તેમના બચાવ માટે આપવામાં આવેલ છે અને આરોપી વિરુધ્ધ વારંવાર પકડવોરંટ કાઢવામા આવેલ છે અને તેની આરોપીને બજવણી થયેલ નથી. જેથી સદર કામે આગળની કાર્યવાહી અચોકકસ મુદત સુધી પડતી રાખી અને આરોપીને વધુ તક આપવી એ કોઈપણ રીતે વાજબી અને ન્યાયોચીત ન હોવાનું જણાઈ આવે છે.

(૧૩.૩) આમ, ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવાઓની હકીકતો વંચાણમાં લેતા, હાલના કામે ફરીયાદીએ આંક–૦૪ થી તેમની સરતપાસમાં સ્પષ્ટ જણાવેલુ છે કે, ''મોરબી તાલુકા ના મોટી વાવડી સીમના ખાતા નંબર ૪૨ સરવે નંબર ૯૨ ના હે.આરે.ચો.મી.૧–૦૯–૨૭ ક્ષેત્રફળ વાળી જમીન અંગે આરોપીના કહેવા મુજબ આરોપીએ જમીન ના માલીકો (૧) બચીબેન ગોરધનભાઈ પરેશા (૨) કિશોર ગોરધનભાઈ પરેશા (૩) રાજેશભાઈ ગોરધનભાઈ પરેશા રહે. બધા રાજકોટ વાળા સાથે આરોપીએ મૌખીક સોદો કરેલ છે. અને આ જમીન આરોપી વેચાણ કરવા માંગે છે. તેમ આરોપીએ તેમને જાણ કરેલ અને આ જમીનના માલીકો તેમને વેચાણ દસ્તાવેજ કરી આપશે તેમ જણાવેલ. જેથી તેઓ તથા મનજી નારણભાઈ ડાભી રહે. મેધાણી ની વાડી, બોરીયા પાટી, કેનાલ રોડ, મોરબી વાળા સંયુકત રીતે જમીન ખરીદ કરવા માંગતા હોવાથી આરોપીએ તેમને તથા મનજી નારણ ડાભી ને રોડ ટચ ની જમીન બતાવેલ અને કહેલ કે આ જમીન વેચવાની છે. તેઓ

તથા મનજી નારણ ઉપરોકત–જમીન ખરીદવા સંમત થતા તેમની સાથે (૧) બચીબેન ગોરધનભાઈ પરેશા (૨) કિશોરભાઈ ગોરધનભાઈ પરેશા (૩) રાજેશભાઈ ગોરધનભાઈ પરેશા રહે. બધા રાજકોટ વાળા સાથે સોદો કરેલ અને તેઓ તથા મનજી નારણ એ રૂા.૧૮,૫૬,૨૫૦/– અંકે રૂપીયા અઢાર લાખ છપન હજાર બસો પચ્ચાસ ચુકવી આપેલ અને આરોપીએ આ રકમ સ્વીકારેલ છે. સોદાખત અને અવેજ ની પહોચમાં સંમતી આપનાર તરીકે આરોપીએ સહી કરેલ છે. ફરીયાદીએ જમીન અંગે ખરાઈ કરતા આરોપીએ જે જમીન રોડ ટચ ની બતાવેલ તે સર્વે નં–૯૨ હે.આરે.ચો.મી.૧–૦૯–૨૭ વાળી જમીન ન હતી જેથી તેઓએ તથા મનજી નારણભાઈ એ આરોપી ને જણાવેલ કે સોદો કરતી વખતે જમીન બતાવેલ તે આ જમીન નથી અને આ જમીન ઓછી કિંમતની છે.જેથી આરોપીએ (૧) બચીબેન ગોરધનભાઈ પરેશા (૨)કિશોરભાઈ ગોરધનભાઈ પરેશા (૩) રાજેશભાઈ ગોરધન ભાઈ પરેશા સાથે કરેલ સોદો કેન્સલ કરાવી દઉ છુ તેમ કહેતા તેઓએ (૧) બચીબેન ગોરધનભાઈ પરેશા (૨) કિશોરભાઈ ગોરધનભાઈ પરેશા (૩) રાજેશભાઈ ગોરધનભાઈ પરેશા સાથે સોદો કેન્સલ કરેલ અને આરોપીને તેઓએ ચુકવેલ રકમ રૂા. ૧૮,૫૬,૨૫૦/– અંકે રૂપીયા અઢારલાખ છપ્પનહજાર બસો પચ્ચાસ રૂપીયા આરોપી પરત આપવા કબુલ થયેલ અને કહેલ કે આ રકમ મને મળેલ છે જે હુ તમને ચેક થી પાછા આપુ છુ અને આરોપીએ તેમને રૂા. ૧૮,૫૬,૨૫૦/– અંકે રૂપીયા અઢારલાખ છપ્પનહજાર બસો પચ્ચાસ પુરા નો તા.૦૬/૦૫/૨૦૨૩ ના રોજનો ચેક નંબર "૧૦૫૧૦૧" નો સ્ટેટબેંક ઓફ ઈન્ડીયા બગથળા તા.મોરબી શાખા નો આપેલ. જે ચેક તેઓએ સૌરાષ્ટ્ર ગ્રામીણ બેંક મોરબી શાખા માં વટાવવા રજુ કરતા સૌરાષ્ટ્ર ગ્રામીણ બેંક મોરબી શાખા ધ્વારા '55 ACCOUNT BLOCKED SITUATION CO" ના તા.૦૬/૦૫/૨૦૨૩ ના શેરા સાથે ચેક પાછો ફરેલ છે. ફરીયાદીને તેમની રકમ મળી શકેલ

નથી. જેથી આરોપીને મળતા આરોપીએ મૈખીક રીતે ઉડામણી વાળો જવાબ આપેલ છે.આરોપીએ તેમને રકમ વસુલ આપેલ નથી.આરોપીને તેઓએ તા.૩૧/૫/૨૦૨૩ ના રોજની વકિલ મારફત નોટિસ આપેલ છે. જે આરોપીને તા.૦૮/૦૬/૨૦૨૩ ના રોજ નોટિસ મળી જવા છતા કોઈ લેખીત જવાબ પણ આપેલ નથી. આરોપીને દિવસ–૧૫ માં નોટિસનો જવાબ આપવા જણાવેલ છતા જવાબ પણ આપેલ નથી કે રકમ પણ આપેલ નથી. જેથી આરોપીએ નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ની કલમ ૧૩૮ મુજબ નો ગુન્હો કરેલ હોઈ આ ફરીયાદ દાખલ કરેલ છે." વધુમાં, ફરીયાદીએ તેમની આ હકીકતના સમર્થનમાં આંક–૨૩ થી તકરારી ચેક તથા તે ચેક બેંકમાં જમા કરાવ્યા બદલની સ્લીપ અસલ, આંક– ૨૪ થી ચેક રીટર્ન મેમો અસલ, આંક–૨૫ થી ફરીયાદીએ વકીલશ્રી મારફત આરોપીને આપેલી નોટીસની સ્થળપ્રત, આંક–૨૬ થી એકનોલેજમેન્ટ સ્લીપ અસલ, આંક–૨૭ થી રજી.એ.ડી. કર્યાની પહોંચ અસલ, આંક–૨૮ થી સોદાખત તથા અવેજની પહોંચની નકલ તથા આંક–૨૯ થી ફરીયાદીના આધાર કાર્ડની નકલ રજુ કરેલ છે. સદરહું મૌખિક પુરાવા તથા દસ્તાવેજી પુરાવાથી વિરૂધ્ધની કોઈ જ હકીકત આરોપી તરફે રેકર્ડ ઉપર લાવવામાં આવેલી નથી.

(૧૩.૪) વધુમાં, (૨૦૦૬) ૬ સુપ્રિમ કોર્ટ કેસીસ પેજનં.૩૯ ઉપર પ્રસિધ્ધ થયેલા એમ.એસ. નારાયણ મેનન વિરૂધ્ધ સ્ટેટ ઓફ કેરાલા અને બીજાઓનો ન્યાય નિર્ણય નમ્ર પણે વંચાણે લેતાં તેમાં એવુ ઠરાવેલુ છે કે, યોગ્ય બચાવથી અનુમાનનુ ખંડન કરવાનો બોજો આરોપી ઉપર છે અને જો આરોપી આ બોજો ડીસ્ચાર્જ કરે તો તે પછી ફરીયાદી ઉપર તેમનો કેસ સાબિત કરવાનો બોજો રહે છે, આરોપી ઉપર કેસ સાબિત કરવાનો બોજો હેવી નથી, આરોપીએ ફરીયાદીનો કેસ સંપુર્ણ રીતે ના–સાબિત કરવાની જરૂર નથી.

(૧૩.૫) વધુમાં, ધી નેગો.ઈન્સ.એકટની કલમ–૧૧૮ હેઠળ અનુમાનો અંગેની જોગવાઈઓ કરવામાં આવેલ છે. સદર કામે રજુ આંક – ૨૩ હેઠળના ચેકમાંની સહી આરોપીની ન હોવાનો કોઈ ઈન્કાર આરોપી તર્ફે કરવામાં આવેલ નથી જેથી નેગો.ઈન્સ.એકટની કલમ–૨૦ અને કલમ–૧૧૮ ની જોગવાઈ હેઠળના અનુમાનો લાગુ પડે છે.

(૧૩.૬) વધુમાં, રંગપ્પા વિ. મોહન, ૨૦૧૦ એસ.સી. ૧૮૯૭ના પ્રકાશીત ચુકાદાનો ન્યાય નિર્ણય ધ્યાનમાં લેતા તેમાં ઠરાવેલ છે કે" Once the execution of Negotiable Instrument Act is either proved or admitted, then the court shall draw a presumption under Section 139 of Negotiable Instrument Act, in favour of the complainant to the effect that the said Negotiable Instrument ie, the disputed Cheque has been drawn for valid consideration and it is towards leggaly recoverable debt and it is drawn for valuable consideration.

(૧૩.૭) વધુમાં, આ કામે ફરિયાદીએ રજુ કરેલ પુરાવાની હકીકતનું ખંડન કરવા માટે આરોપી તર્ફે કોઈ જ પુરાવો રજુ થયેલો નથી. આ કામે ફરીયાદીએ આંક–૨૩ થી તા. ૬/૫/૨૦૨૩ ના રોજનો ચેક નં. ૧૦૫૧૦૧ રજુ કરેલો છે, તે જોતાં તેમાં ચેક ધારણ કર્તા તરીકે આ કામના ફરીયાદીનુ નામ જણાઈ આવે છે. આ ચેકમાંની તારીખ વિશે, સ્વીકારના સમય વિશે, તબદીલીના સમય વિશે, શેરાઓના કમ વિશે, સ્ટેમ્પ વિશે તથા ધારક વિશે તથા ચેકમાંની સહી વિશે વિરૂધ્ધનુ અનુમાન થાય તેવો કોઈ જ પુરાવો આરોપી તર્ફે રજુ થયેલો નથી. વધુમાં, આ કામે આંક–૨૮ થી રજુ થયેલો સોદાખત તથા અવેજની પહોંચની નકલ જોઇએ તો, તેમાં પક્ષકાર નંબર– ૧ તરીકે ફરીયાદીનું નામ જણાવેલું છે અને જે મીલકત ખરીદનાર તરીકે છે. તેમજ પક્ષકાર નંબર – ૨ તરીકે

અન્ય વ્યકિતઓ છે. જેમને મીલકત વેચનાર તરીકે દર્શાવેલ છે. આ દસ્તાવેજ જોતાં, તેમાં સોદામાં સંમતિ આપનાર તરીકે હાલના આરોપીનું નામ તથા તેમની સહી તથા અંગુઠાનું નિશાન તથા ફોટો હોવાનું જણાઈ આવે છે. હવે આ લેખ હાલના આરોપીને લાગે વળગે છે તે બાબતે જોઇએ તો, તેમાં સ્પષ્ટ જણાવેલ છે કે, વેચનાર તે પક્ષકાર નં. ૨ નાઓ આ જમીનનો વેચાણ દસ્તાવેજ આ સોદાવાળી જમીનના ખરીદનાર તે પક્ષકાર નં. ૧ નાને કરી આપે તે અંગેની તમામ જવાબદારી વેચનાર તે પક્ષકાર નં. ૨ નાઓ અને ગીરીરાજસિંહની સંયુકત રીતે રહેશે તેવું જણાવેલું છે. વધુમાં એવું પણ જણાવેલું છે કે, આ જમીન અંગે હાલના આ સોદા અગાઉ મુળ ખાતેદારો કે આ સોદાખતના પક્ષકાર નં. ૨ નાઓએ ગીરીરાજસીંહ પરબતસીંહ જાડેજા સાથે મૌખિક સોદો કરેલ છે અને ગીરીરાજસીંહે હાલના ખરીદનાર સાથે બજાર કિંમતે સોદો કરેલ છે. પરંતુ સોદાની તથા કુલ અવેજની રકમ ગીરીરાજ સીંહની હાજરીમાં મુળ ખાતેદારોને કે વેચનારાઓને ચુકવવામાં આવશે. જે આ જમીનના ખાતેદારો તથા ગીરીરાજસીંહે આ જમીનના સોદાની અને ટોટલ અવેજની રકમ વહેંચણી અંગે આપસમાં સમજી લેવાનું છે. વધુમાં, આ દસ્તાવેજમાં એવું પણ જણાવેલ છે કે, કુલ અવેજ પૈકીના ૫૦ ટકા એટલે કે, રૂા. ૧૮,૫૬,૨૫૦/– તા. ૧૨/૧૧/૨૧ ના રોજ ખરીદનાર તરફથી વેચાનારને રોકડા ચુકવી આપેલા છે. આમ, આ હકીકત જોઇએ તો, આ સોદાખત અનુસંધાને વેચાણ દસ્તાવેજ કરી આપવાની જવાબદારી સંયુકત રીતે હાલના આરોપીએ લીધેલી હતી તેવું ફલીત થાય છે. આ હકીકત અનુસંધાને ફરીયાદી એવું જણાવે છે કે, હાલના આરોપીએ સોદો કરતી વખતે જે જમીન બતાવેલી તે સ્થળે તે જમીન ન હતી અને તે ઓછી કિંમતની હતી અને તેથી તે સોદો કેન્સલ કરેલો અને અવેજની રકમ પરત આપવા માટે આરોપીએ જવાબદારી સ્વીકારી તકરારી ચેક આપેલો છે. આ હકીકતથી વિરુધ્ધની કોઇ હકીકત રેકર્ડ પર આવેલ નથી. આમ,

સદરહુ તકરારી ચેકમાંની રકમ ફરીયાદીની કાયદેસરની લ્હેણી રકમ હોવાનુ માનવાને કારણ રહે છે. વધુમાં ફરીયાદીએ આંક–૨૪ થી ચેક રીટર્નમેમો રજુ કરેલો છે, તે જોતાં સદરહુ તકરારી ચેક

ચેક તા. ૮/૫/૨૦૨૩ ના રોજ "55–ACCOUNT BLOCKED

SITUATION CO'' ના શેરા સાથે પરત ફરેલો હોય તેવુ ફલિત થાય છે. વધુમાં, ફરીયાદીએ આંક–૨૫ થી નોટીસ ની સ્થળપ્રત રજુ કરેલી છે. તે જોતાં સદરહુ નોટીસ ફરીયાદીએ તેમના વકીલશ્રી મારફત આ કામના આરોપીના સરનામા ઉપર તા. ૩૧/૫/૨૦૨૩ ના રોજ તકરારી ચેક સંદર્ભે આપેલાનું જણાઈ આવે છે. વધુમાં, ફરીયાદીએ આંક–૨૭ થી રજી.એ.ડી. કર્યાની પહોંચ તથા આંક–૨૬ થી નોટીસ બજી ગયાની એકનોલેજમેન્ટ સ્લીપ રજુ કરેલ છે. સદરહુ આંક– ૨૫, ૨૬ અને ૨૭ જોઈએ તો, ફરીયાદીએ આરોપીને તા. ૩૧/૦૫/૨૦૨૩ ના રોજ નોટીસ આપેલી છે અને આ નોટીસ ચેક રીટર્ન થયાની તારીખ ૮/૦૫/૨૦૨૩ થી જોતાં સમયમર્યાદામાં આપેલી હોવાનુ માનવાને સ્પષ્ટ કારણ છે. વળી, ફરીયાદીના જણાવ્યા મુજબ આ નોટીસ આરોપીને તા.૮/૦૬/૨૦૨૩ ના રોજ બજી પણ ગયેલી છે તેવુ માનવાને સ્પષ્ટ કારણ છે. જેથી આ હકીકત જોઈએ તો, ફરીયાદી દવારા પ્રોપર સરનામે નોટીસ મોકલવામાં આવેલી હતી તેવુ ચોકકસ અનુમાન થઈ શકે તેમ છે. આમ, આ હકીકત જોઈએ તો, ફરીયાદીએ આ કામના આરોપીને આપેલી નોટીસની બજવણી તા.૮/૦૬/૨૦૨૩ ના રોજ થયેલી હોવાનુ માની શકાય તેમ છે. જયારે ફરીયાદીએ હાલની ફરીયાદ તા. ૧/૭/૨૦૨૪ ના રોજ દાખલ કરેલી છે. જેથી તે બાબતે જોઈએ તો, નોટીસની બજવણીની તારીખથી પંદર દિવસ બાદ કર્યા બાદ એક મહિનાની સમય મર્યાદામાં હાલની ફરીયાદ ફરીયાદીએ દાખલ કરેલાનુ ફલિત થાય છે. આમ, સમગ્ર રીતે જોઈએ તો, ફરીયાદી

નીતરફેણનું કાયદાકીય અનુમાન તેમજ ફરીયાદી તર્ફેના પુરાવાની હકીકતો જોતાં ફરીયાદીએ પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરેલ હોવાનું દર્શાવે છે. આમ, સમગ્ર રીતે જોતાં ફરીયાદની હકીકતે, આ કામના ફરીયાદી તથા આરોપી તથા અન્ય પક્ષકારો વચ્ચે થયેલ જમીનના સોદાખત તથા અવેજની પહોંચ મુજબ ફરીયાદી એ અવેજ પેટે આપેલ રૂા.૧૮,૫૬,૨૫૦/- સબંધેના બાકી લેણાં પેટે આરોપીએ સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા, બગથળા, તા. મોરબી બ્રાન્ચ નો ચેક નં ૧૦૫૧૦૧ વાળો તા.૬/૫/૨૦૨૩ ના રોજનો રૂા.૧૮,૫૬,૨૫૦/-(અંકે રૂપિયા અઢાર લાખ છપ્પન હજાર બસો પચ્ચાસ પુરા) નો ચેક ફરીયાદીને આપેલો અને તે ચેક ફરીયાદીએ તેઓના બેંક ખાતામાં જમા કરાવતા સદરહું ચેક કલીયરીંગ માટે આરોપીના ખાતામાં રજુ થતાં "55-ACCOUNT BLOCKED SITUATION CO'' ના શેરા સાથે ચેક સ્વીકાર્યા વગર પરત ફરેલો અને તે બાદ ફરીયાદીએ આરોપીને રજી.પો.એ.ડી. થી નોટીસ આપેલી અને તે નોટીસ આરોપીને બજી ગયેલ હોવા છતાં ચેકની રકમ ફરીયાદીને ચુકવી નથી તે હકીકત નિ:શંકપણે સાબિત થાય છે. આ તમામ હકીકત ધ્યાને લેતાં ફરીયાદીનું લીગલ એન્ફોર્સેબલ ડેબ્ટ પુરવાર થાય છે. આરોપી તરફથી અનુમાનનુ ખંડન થઈ શકે તેવા કોઈ કારણો તથા સંજોગો રેકર્ડ ઉપર આવતા નથી. આ કામે એ હકીકત નોંધવી જરૂરી બને છે કે, આ કામના આરોપીની પ્લી રેકર્ડ કર્યા બાદ અને ક્રિ.પ્રો.કોડની કલમ-૩૧૩ (૧) (એ) મુજબનુ નિવેદન નોંધ્યા બાદ આરોપી સતત નામ.કોર્ટ સમક્ષ હાજર રહેલા નથી અને નાસતા ભાગતા રહેલા છે અને આરોપી તર્ફે ફરીયાદીની કોઈ ઉલટતપાસ પણ કરવામાં આવેલી નથી. જેથી આરોપી તરફે ફરીયાદીની ઉલટ તપાસ કરવાનો હકક બંધ કરવામાં આવેલો છે. તે બાદ ક્રિ.પ્રો. કોડની કલમ- ૩૧૩(૧)(બી) અન્વયે આરોપી વિશેષ નિવેદન

આપવા માટે પણ ઉપસ્થિત રહેલા નથી. આ સંજોગોમાં આ તબકકે ૨૦૨૫ (૦) AIJEL MH–૨૫૦૨૪૨૬ ઉપર પ્રસિધ્ધ થયેલા નવનીત સીંધ ગોગીઆ અને બીજાઓ વિરૂધ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર અને બીજાઓનો ન્યાય નિર્ણય નમ્રપણે વંચાણે લેતાં, તેમાં પ્રસ્થાપિત કરેલું છે કે, The accused's persistent absence and failure to seek exemption from personal attendance justified the trial proceeding without their presence. Section 313 Cr.P.C. mandates that the accused be given an opportunity to explain circumstances appearing in evidence against them. However, if the accused deliberately abstains from proceedings, the court is not obligated to indefinitely delay the trial. The Court must balance the right to a fair trial with the need to prevent undue delays in the judicial process. આમ, આ ચુકાદો એ વાત પર ભાર મુકે છે કે, નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ– ૧૩૮ હેઠળ ચેક ડીસઓનરના કેસોમાં, જો આરોપી અથવા તેમના વકીલ હાજર ન રહે અને વ્યકિતગત હાજરીમાંથી મુકિત ન માંગે તો તેની ગેરહાજરીમાં પણ ટ્રાયલ ચાલી શકે છે અને કોર્ટ આવા સંજોગોમાં કિ.પ્રો.કોડની કલમ–૩૧૩(૧)(બી) હેઠળ આરોપીનુ વિશેષ નિવેદન નોંધવાનુ પણ ટાળી શકે છે. આમ, આ તમામ સંજોગો અને હકીકત ધ્યાને લેતાં આ કામે આરોપીને તેમનો બચાવ કરવા માટે પુરતી તક આપવામાં આવેલી છે તેમછતાં તેઓ સતત નામ. કોર્ટ સમક્ષ હાજર રહેલા નથી. ત્યારે તેવા સંજોગોમાં ફરીયાદપક્ષ તરફે રજુ થયેલો પુરાવો ધ્યાને લેવાનો રહે છે. ફરીયાદપક્ષ તરફે રજુ થયેલો સમગ્ર પુરાવો અને ઉપરોકત કરેલી ચર્ચાને ધ્યાને લેતાં

આરોપીની સામેનો કેસ શંકાથી પર સાબિત થાય છે. **તેથી મુદ્દા નં. ૧ નો જવાબ હકારાત્મક** ઠરાવવામાં આવે છે.

**<u>મુદ્દા નંબર–૨</u>**

(૧૪) સદરહુ કામે આરોપી વિરુધ્ધનો ગુનો પુરવાર થયેલો છે અને તેથી આરોપીને આ ગુનામાં કેટલી સજા કરવી જોઈએ તે હકીકત નકકી કરવાની રહે છે. સામાન્ય રીતે કોઈપણ વ્યકિતને કેટલી સજા કરવી જોઈએ તે સંદર્ભે ના.સુપ્રિમકોર્ટ અને વિવિધ ઉચ્ચ અદાલતોના અસંખ્ય ચુકાદા ઉપલબ્ધ છે. તે તમામનો સારાંશ એવો છે કે, કરવામાં આવતી સજા અત્યંત હળવી ન હોવી જોઈએ તેમજ કરવામાં આવતી સજા અત્યંત કઠોર પણ ન હોવી જોઈએ અને તેમ છતાં ગુનાની ગંભીરતા, કેસના સંજોગો વિગેરે હકીકતો ધ્યાનમાં લઈને યોગ્ય અને વ્યાજબી પ્રમાણમાં સજા કરવી જોઈએ. સામાન્ય રીતે કોઈ પણ વ્યકિત વિરુધ્ધ જે ઈન્સાફી કાર્યવાહી ચાલે તે તે વ્યક્તિની અંગત બાબત છે. ઈન્સાફી કાર્યવાહીના અંતે જે પરીણામ આવે છે તે, તે વ્યકિતએ અંગત રીતે ભોગવવાની હોય છે. તેમ છતાં ઈન્સાફી કાર્યવાહીના અંતે જે પરીણામ આવતુ હોય છે તેની અસર સમાજમા થતી હોય છે અને તેથી સામાન્ય રીતે આવા કિસ્સાઓ માં સમાજમાં દાખલો બેસે તેવી ઉદાહરણ રૂપી સજા કરવી જોઈએ તેવુ ન્યાયના હિતમાં જણાઈ આવે છે અને તેથી તે તમામ હકીકતો ધ્યાનમાં લઈને આરોપી વિરુધ્ધના ગુનાની ગંભીરતા ધ્યાનમાં લઈને તેમજ આ પ્રકાર ની ગુનાહિત પ્રવૃત્તિઓને ઉત્તેજન ન મળે તે હકીકત ધ્યાનમાં લેવી જોઈએ. આ કામના આરોપીએ ફરીયાદીની લ્હેણી પેટેની રકમ ફરીયાદીને ચુકવી આપેલી નથી. આમ, ફરીયાદીને ઘણુ મોટુ આર્થીક સહન કરવુ પડેલુ છે. ફરીયાદવાળા તકરારી ચેકનો નુકશાન વહેવાર સને ૨૦૨૩ માં થયેલો છે. આ સંજોગોમાં ફરીયાદીને આરોપી પાસેથી ક્રિ.પ્રો.કોડની કલમ – ૩૫૭(૩) અન્વયે ચેક મુજબની રકમ રૂા. ૧૮,૫૬,૨૫૦/– પુરા વળતર પેટે અપાવવા જોઈએ તેવુ અત્રેની કોર્ટનુ સ્પષ્ટપણે માનવુ છે.

વધુમાં, ફરીયાદીને વ્યાજ ખાધની નુકશાની પણ સહન કરવી પડેલી છે તે હકીકત ધ્યાને લેવી જરૂરી છે. આ સંજોગો ધ્યાને લેતા સદરહુ વળતર પેટેની રકમ ચેકની તારીખથી એટલે કે, તા. ૬/૫/૨૦૨૩ થી વાષિક ૬% લેખે વ્યાજ સહિત ફરીયાદીને આરોપી પાસેથી અપાવવી જોઈએ તેવુ અત્રેની કોર્ટનુ સ્પષ્ટપણે માનવુ છે.આ કામે આરોપીને સજા અંગે સાંભળવા બાબતે જોઈએ તો, આરોપી નામ.કોર્ટ સમક્ષ હાજર રહેલા નથી અને નાસતા ભાગતા રહેલા છે. પકડ વોરંટની બજવણી ટાળવાનો પ્રયત્ન કરી રહેલા છે. આરોપી જયુ.કસ્ટડીમાં નથી. આરોપી સામેનો કેસ સમન્સ ટ્રાયેબલ છે. આ સંજોગોમાં ક્રિ.પ્રો.કોડની કલમ–૩૫૩(૬) ની જોગવાઈ ધ્યાનમાં લેતા, આ કામના આરોપીને સદર ગુનાના કામે સજા અંગે સાંભળવા માટે કામ મુલત્વી રાખવુ ન્યાયોચિત જણાઈ આવતુ નથી. આ તબકકે <u>૨૦૧૬(૦) AIJEL–HC–૨૩૬૮૪૯ ઉપર પ્રસિધ્ધ થયેલા શરદ જેઠાલાલ સાવલા વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત </u>નો ન્યાય નિર્ણય નમ્રપણે વંચાણે લેતાં તેમાં એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરવામાં આવેલો છે કે, In cases where the accused is absent during the pronouncement of judgment, the court has the authority to issue a non–bailable warrant to ensure the execution of the sentence. The execution of a sentence cannot be delayed due to the absence of the accused, and the court has the authority to take necessary steps, including issuing warrants, to ensure enforcement. આમ, સદરહુ ન્યાય નિર્ણય વંચાણે લેતાં ચુકાદાની જાહેરાત દરમ્યાન આરોપી ગેરહાજર હોય ત્યારે સજાનુ પાલન સુનિશ્ચિત કરવા માટે અદાલતોને બિન – જામીનપાત્ર વોરંટ જારી કરવાની સત્તા પહોંચે છે. વધુમાં, આ તબકકે <u>એ.આઈ.આર. ૨૦૦૯ એનઓસી ૪૦૪(કેરાલા) ઉપર પ્રસિધ્ધ</u>

<u>થયેલા જૈન બાબુ વિરૂધ્ધ કે.જે. જોસેફ</u> નો ન્યાય નિર્ણય નમ્રપણે વંચાણે લેતાં તેમાં પણ સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે કે, If the court finds the accused guilty. the judgment can be pronounced in their absence. However, if a sentence involving imprisonment is imposed, the accused must be directed to appear for its execution. આમ, ઉપરોકત ન્યાય નિર્ણયના પ્રસ્થાપિત સિધ્ધાંત તથા અવલોકનોને નમ્રપણે ધ્યાને લેતાં તથા સદરહુ કેસમાં ગુનાના કામે સજાની જોગવાઈ ધ્યાને લેતાં આરોપીને તેમની સામેના ગુના સબબ યોગ્ય સજા કરી, આરોપી પાસેથી ફરીયાદીને વળતર પેટેની રકમ રૂા. ૧૮,૫૬,૨૫૦/– તા.૬/૫/૨૦૨૩ થી વાષિક ૬% લેખે વ્યાજ સહિત અપાવવા હુકમ કરવો વાજબી અને ન્યાયોચિત જણાતુ હોઈ તે તમામ સંજોગો અને હકીકત ધ્યાને રાખતાં મુદ્દા નંબર– ૨ સંદર્ભે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>:: આખરી હુકમ ::</u>**

**(૧)** આ કામના આરોપી – ગીરીરાજસિંહ પરબતસિંહ જાડેજા ને ક્રિ.પ્રો.કોડની કલમ – ૨૫૫(૨) અન્વયે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ,૧૮૮૧ ની કલમ–૧૩૮ ના ગુના સબબ ૧ (એક) વર્ષની સખત કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** કિ.પ્રો.કોડની કલમ–૩૫૭(૩) અન્વયે આ કામના આરોપી ગીરીરાજસિંહ પરબતસિંહ જાડેજાએ આ કામના ફરીયાદી– માલાભાઈ માવજીભાઈ ડાભી ને વળતર પેટે રૂા.૧૮,૫૬,૨૫૦/ (અંકે રૂપિયા અઢાર લાખ છપ્પન હજાર બસો પચાસ પુરા) તા. ૬/૫/૨૦૨૩ થી વાષિક ૬% વ્યાજ સાથે ચુકવવા તેવો હુકમ કરવામાં આવે છે. જો, આરોપી સદરહુ વળતરની રકમ વ્યાજ સહિત ચુકવવામાં નિષ્ફળ રહેતો આરોપીએ વધુ ૧ (એક) વર્ષની

સખત કેદની સજા ભોગવવાની રહેશે તેવો હુકમ કરવામાં આવે છે.

(૩) આરોપી અત્રેની અદાલતમાં હાજર રહેલા ન હોઈ તેમની સામે સજાની અમલવારી માટે પકડવોરંટ ઈસ્યુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) આ કામના ઉપરોકત આરોપીને ક્રિમીનલ પ્રોસીઝર કોડ, ૧૯૭૩ ની કલમ– ૩૬૩ અન્વયે સદરહુ ચુકાદાની એક સર્ટીફાઈડ નકલ વિનામુલ્યે આરોપી હાજર થયેથી તાત્કાલીક આપવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૧૬ મી, માહે એપ્રિલ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**મુ.મોરબી**
**તા.૧૬/૦૪/૨૦૨૬** **(જીતેન્દ્રકુમાર જયંતિલાલ જોષી)**
**બીજા એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,**
**મોરબી**
**(જજ કોડ–જીજે–૦૧૨૭૧)**